" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત
Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: **રીજવાન મનસુરી** • PRGI Registration Number : GJGUJ/25/A3847 • E-mail : trendgujarat024@gmail.com • Web www.trendgujarat.tmlive.in

• Year : 01 • Edition : 25 • Date 04-1-2026, Sunday • Page : 4 • Price : Rs.1 • Annual : Rs. 360 • Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# માઘ મેળામાં પહેલા દિવસે ૬.૫ લાખ શ્રદ્ધાળુએ કર્યા સંગમ સ્નાન

**પ્રથમ સ્નાનથી શરૂ થયેલો આ મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે : વિવિધ માર્ગોથી શ્રદ્ધાળુઓ ત્રિવેણી નદીમાં સ્નાન કરવા પહોંચ્યા**





પ્રયાગરાજ,

પોષ પૂર્ણિમાના શુભ અવસર પર પ્રયાગરાજમાં માઘ મેળો શરૂ થઈ ગયો છે. પ્રથમ સ્નાનથી શરૂ થયેલો આ મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે. વિવિધ માર્ગોથી શ્રદ્ધાળુઓ ત્રિવેણી નદીમાં સ્નાન કરવા માટે પહોંચ્યા હતા. સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં જ ૬.૫ લાખ લોકોએ ગંગા સ્નાન કરી લીધું છે. અત્યાર સુધીમાં ઘણા પ્રમુખ સંત મહાત્મા સ્નાન કરી ચૂક્યા છે. કિન્નર અખાડાના મહામંડલેશ્વર કલ્યાણી નંદ ગિરી પોતાના અનુયાયીઓ સાથે મેળા વિસ્તારમાં સ્નાન કરવા માટે પહોંચ્યા હતા.

શુક્રવારે જ લાખો કલ્પવાસીઓ અને સંન્યાસીઓ સંગમ કિનારે પહોંચી ગયા હતા. વહીવટી અધિકારીઓએ અનુમાન લગાવ્યું છે કે, શુક્રવાર સાંજ સુધીમાં ૧૨ થી ૧૫ લાખ શ્રદ્ધાળુઓ અને કલ્પવાસીઓ મેળા વિસ્તારમાં પહોંચી ગયા હતા. કલ્પવાસીઓ સંગમની રેતી પર એક મહિનાની કઠોર તપસ્યા કરશે, જ્યારે સાધુઓ અને સંતો પોતાના શિબિરોમાં પ્રવચન અને સાધનામાં લીન રહેશે. આ દરમિયાન સંતોના શિબિરોમાં કથા અને ભજન સહિત ઘણી પ્રવૃત્તિઓ પણ થશે.

માઘ મેળાને મિનિ કુંભ કહેવામાં આવી રહ્યો છે. એવું કહેવાય છે કે માઘ મહિનામાં પવિત્ર નગરી પ્રયાગરાજના સંગમમાં પવિત્ર સ્નાન કરનારાઓ બધા પાપોથી મુક્ત થઈ જાય છે, જેનાથી મુક્તિનો માર્ગ ખુલે છે. ભક્તો ૪૪ દિવસ સુધી સંગમની રેતી પર કઠોર જપ અને ધ્યાન કરશે. પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી માઘ મેળામાં આશરે ૧૨-૧૫ કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે.

માઘ મેળા દરમિયાન મુખ્ય તિથિઓ પર સ્નાન કરવાનું મહત્વનું છે. પોષ પૂર્ણિમા પછી, માઘ મેળામાં બીજું મોટું સ્નાન ૧૪ જાન્યુઆરી, મકરસંક્રાંતિના દિવસે થશે. આ દિવસથી, સૂર્ય ઉત્તર તરફ આગળ વધે છે. મકરસંક્રાંતિના દિવસે ગંગા સ્નાન કરવાથી દેવી-દેવતાઓનો આશીર્વાદ મેળવવાનો અવસર મળે છે. માઘ મેળા દરમિયાન કુલ છ મોટા સ્નાન થશે. મકરસંક્રાંતિના દિવસે સ્નાન ઉપરાંત, દાન પણ મહત્વપૂર્ણ છે.

માઘ મેળો ૨૦૨૬: મુખ્ય સ્નાનની તારીખો

૩ જાન્યુઆરી, ૨૦૨૬, પોષ પૂર્ણિમા

૧૪ જાન્યુઆરી, ૨૦૨૬, મકરસંક્રાંતિ

૧૮ જાન્યુઆરી, ૨૦૨૬, મૌની અમાવસ્યા

૨૩ જાન્યુઆરી, ૨૦૨૬, વસંત પંચમી

૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, માઘી પૂર્ણિમા

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬, મહાશિવરાત્રી

પ્રથમ વખત માઘ મેળાનો લોગો જારી કરવામાં આવ્યો છે. બીજી તરફ શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્રએ ખાનગી કંપનીઓ સાથે વાત કરીને સેવા પણ શરૂ કરી છે, જેનાથી શ્રદ્ધાળુઓ સંગમની નજીક સુધી જઈ શકે. આ સાથે જ પ્રથમ વખત વીજળીના થાંભલાઓ પર ઊઈ કોડ લગાવવામાં આવ્યા છે, જેનાથી લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકશે, એવો દાવો કરવામાં આવ્યો છે કે તેમને મિનિટોમાં જ મદદ મળી જશે.

ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલના જણાવ્યા પ્રમાણે આ વર્ષે હેલિકોપ્ટર સેવા અને પેરાગ્લાઈડિંગ સેવા શરૂ કરવામાં આવશે. બીજી તરફ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ચર્ચિત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. સુરક્ષા માટે મેળા વિસ્તારમાં પોલીસ સ્ટેશન, ચોકી, વોટર પોલીસ સ્ટેશન, કંટ્રોલ રૂમ અને વોચ ટાવર સ્થાપિત કરવામાં આવ્યા છે. AI-આધારિત CCTV કેમેરા જ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.


પોલીસ કમિશનર જોગેન્દ્ર કુમારે જણાવ્યું કે, મેળા વિસ્તારથી લઈને પ્રયાગરાજ કમિશનરેટ સુધી ટ્રાફિક સુગમ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા વિસ્તારમાં ૧૦ ચક્રની સુરક્ષા વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. તે મુજબ જ ટ્રાફિકનું સંચાલન કરવામાં આવશે. તેના માટે દરેક જગ્યાએ ટીમો તહેનાત કરવામાં આવી છે. મહાવીર અને અક્ષયવત કોરિડોર પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલને મોબાઈલ નેટવર્ક અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, તે એક સમસ્યા છે. તેના માટે મોબાઈલ કંપનીઓ સાથે વાત થઈ ગઈ છે. આ સમસ્યાનો ઉકેલ આવી જશે, કારણ કે ડિજિટલ મેળા માટે તેનો ઉપયોગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નેટવર્ક કનેક્ટિવિટીમાં કોઈ સમસ્યા નહીં રહેશે.

## ગર્ભવતી માદા સહિત ૪ દીપડાના મોતથી ખળભળાટ

નવી દિલ્હી,

કર્ણાટકના બેંગલુરુ ગ્રામીણ વિસ્તારમાં ગેરકાયદે રીતે કરવામાં આવેલા રોક બ્લાસ્ટિંગની એક ગંભીર ઘટનામાં ચાર દીપડાના મોત થયા છે, જેમાં એક ગર્ભવતી માદા દીપડાનો પણ સમાવેશ થાય છે. યશવંતપુર વિધાનસભા ક્ષેત્ર હેઠળ આવતા મંચનાબેલે પાસેના ચિક્કનહલ્લી વિસ્તારમાં બનેલી આ હૃદયદ્રાવક ઘટનાએ વન્યજીવ સંરક્ષણ અને વહીવટીતંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દીપડાઓના મૃતદેહો ક્ષત-વિક્ષત હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટના બાદ રાજકીય અને વહીવટી સ્તરે તીવ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે.યશવંતપુરના ભાજપના ધારાસભ્ય એસ.ટી. સોમશેખરે આ ઘટના પર આક્રોશ વ્યક્ત કરતા વન વિભાગ પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે રાજયમાં સતત વન્યજીવોના મૃત્યુની ઘટનાઓ બની રહી છે, તેમ છતાં વિભાગ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું છે.સોમશેખરે આરોપ લગાવ્યો કે આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર બ્લાસ્ટિંગ ચાલી રહ્યું છે અને સંબંધિત મંત્રીઓ તથા અધિકારીઓ આ મામલે ગંભીર ઉદાસીનતા દાખવી રહ્યા છે. ધારાસભ્યએ એવો પણ દાવો કર્યો કે તેમણે આ મુદ્દે વન મંત્રીનો સંપર્ક કરવાનો ઘણી વખત પ્રયાસ કર્યો, પરંતુ તેમના ફોનનો કોઈ જવાબ મળ્યો નહીં.

## US નાગરિક સાથે લગ્ન માત્રથી ગ્રીન કાર્ડ મેળવવું સરળ નહીં રહે




વોશિંગ્ટન,

યુએસમાં ઈમિગ્રન્ટ્સ ગ્રીન કાર્ડ થકી યુએસ નાગરિક જેટલા નહીં પરંતુ મોટાભાગના હકો મેળવી શકે છે. અત્યાર સુધી અમેરિકન નાગરિક સાથે લગ્ન કરીને ગ્રીન કાર્ડ મેળવવું સૌથી સરળ વિકલ્પ હતો. પરંતુ ઈમિગ્રેશન એટર્નીના જણાવ્યા મુજબ હવે માત્ર અમેરિકન નાગરિક સાથે લગ્નના બંધનમાં બંધાવાથી ઈમિગ્રન્ટને ગ્રીન કાર્ડની મળે તેની ગેરન્ટી નથી. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસના મતે યુએસ નાગરિકના જીવનસાથી નજીકના સંબંધીની શ્રેણીમાં આવે છે. કાયદા મુજબ અમેરિકન નાગરિકના પતિ કે પત્ની સહિતના નજીકના સંબંધી ગ્રીન કાર્ડ માટે અરજી પાત્ર છે. ઈમિગ્રેશન એટર્ની બ્રાડ બર્નસ્ટેઈને ચેતવણી સાથે કહ્યું કે, ફક્ત યુએસ નાગરિક સાથે લગ્નથી હવે ગ્રીન કાર્ડ મળવાની કોઈ ખાતરી નથી. લગ્નજીવન અંગે અધિકારી ઊંડાણપૂર્વક તપાસ કરશે અને સંતુષ્ટ થયા બાદ જ અરજી અંગે નિર્ણય કરાશે.ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા તમામ લગ્ન આધારિત ગ્રીન કાર્ડ અરજીની ઝિણવટપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓ લગ્ન ખરેખર સાચા છે કે માત્ર કાયદાકીય દૃષ્ટિથી કરાયા છે તેની ખાતરી કરવા પર ભાર આપી રહ્યા છે. ગ્રીન કાર્ડ અરજીઓની તપાસ ટ્રમ્પ તંત્રની કડક કામગીરીનો ભાગ છે. તાજેતરમાં જ સુરક્ષાના કારણોથી અમેરિકાએ ડાયવર્સિટી વિઝા (ડીવી) લોટરી પદ્ધતિને સ્થગિત કરવા નિર્ણય લેવાયો હતો. લોટરી પદ્ધતિથી યુએસ પ્રતિ વર્ષ ૫૦,૦૦૦ ઈમિગ્રન્ટ્સને વિઝા આપતું હતું. માત્ર સંબંધને આધારે ગ્રીન કાર્ડ મળી શકતું નથી, સાથે રહેવાથી મળે છે તેમ બર્નસ્ટેઈને ઉમેર્યું હતું. તેમણે સાવચેતીના સ્વરમાં જણાવ્યું કે, લગ્ન બાદ અલગ રહેતા યુગલોની અરજી રદ થવાનું સૌથી વધુ જોખમ છે. જો જીવનસાથી ઘરમાં સાથે નથી રહેતા તો ગ્રીન કાર્ડ મેળવવું સ્વપ્ન સમાન બની રહેશે. તેમના મતે સહવાસ મુખ્ય પરિબળ છે. લગ્નના કેસોમાં જીવનસાથી કામ, આજીવિકા અથવા સુવિધા માટે અલગ રહેતા હોય તેની ઈમિગ્રેશન અધિકારી પરવા કરશે નહીં.યુએસ નાગરિક સાથે લગ્ન કરીને ગ્રીન કાર્ડ પ્રાપ્ત કરવા અંગે નિયમો કડક થશે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ અધિકારીઓ આવા કેસમાં લગ્ન સંબંધની સંપૂર્ણતાનું મૂલ્યાંકન કરશે. લગ્ન ફક્ત ઈમિગ્રેશન લાભ માટે જ નથી કરાયા તે બાબતની તપાસ ઉપરાંત લગ્ન ખરેખર સારા હેતુથી કર્યા છે તેની ખાતરી બાદ જ ગ્રીન કાર્ડ માટેની અરજી પર વિચારણા કરાશે.

## બલૂચિસ્તાનમાં ચીન પોતાની સેના ઉતારવાની તૈયારીમાં

નવી દિલ્હી,

બલૂચિસ્તાનના પ્રભાવશાળી નેતા મીર યાર બલૂચે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને એક ખુલ્લો પત્ર લખીને ગંભીર આશંકા વ્યક્ત કરી છે. પહેલી જાન્યુઆરી-૨૦૨૬ના રોજ લખાયેલા આ પત્રમાં તેમણે ચેતવણી આપી છે કે, 'જો બલૂચિસ્તાનની સ્વતંત્રતા સેનાઓને નજરઅંદાજ કરાશે, તો આગામી મહિનાઓમાં ચીન અમારા ત્યાં સેના તહેનાત કરી શકે છે. આ પગલું માત્ર બલૂચિસ્તાન જ નહીં, પરંતુ ભારતની સુરક્ષા માટે પણ મોટો ખતરો સાબિત થઈ શકે છે.' પોતાને બલૂચિસ્તાનના પ્રતિનિધિ ગણાવતા મીર યાર બલૂચે જણાવ્યું કે, ૬ કરોડ બલૂચ લોકોની ઈચ્છા વિરુદ્ધ જો ચીન સૈનિકો તહેનાત કરશે તો ભારત માટે પણ પડકારો ઉભા થઈ શકે છે. તેમણે ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, પાકિસ્તાન અને ચીન વચ્ચેનું ગઠબંધન હવે તેના અંતિમ અને સૌથી ખતરનાક તબક્કામાં પહોંચી ગયું છે. આ પરિસ્થિતિમાં ભારત અને બલૂચિસ્તાન વચ્ચે પરસ્પર સહયોગ અત્યંત જરૂરી છે. બલૂચ નેતાએ ભારત-બલૂચિસ્તાન વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોનો ઉલ્લેખ કર્યો છે અને હિંગળાજ માતાના મંદિર જેવા પવિત્ર સ્થળોને બંને પ્રદેશોની સહિયારી વિરાસત ગણાવી હતી. તેમણે મોદી સરકાર દ્વારા ચલાવવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ની પણ ભરપૂર પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, પહેલગામ આતંકી હુમલા બાદ પાકિસ્તાનના આતંકવાદ સામે ભારતની આ કાર્યવાહી પ્રાદેશિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પત્રના અંતમાં મીર યાર બલૂચે ભારત પાસે મજબૂત અને વાસ્તવિક સહયોગની માંગ કરી છે.

## જામનગર શહેરમાં વિજતંત્ર દ્વારા નવા વર્ષના પ્રારંભની સાથે જ વ્યાપક પ્રમાણમાં ચેકિંગ



જામનગર,

જામનગર શહેરમાં વિજતંત્ર દ્વારા નવા વર્ષના પ્રારંભની સાથે સાથે વિજ ચેકીંગની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે, અને આજે શહેરના અલગ અલગ વિસ્તારમાં ૩૫ જેટલી વીજ ચેકિંગ ટુકડીઓને દોડતી કરીને વ્યાપક પ્રમાણમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, જેને લઈને વિજ ચોરોમાં ફફડાટ મચી ગયો છે.

જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી હેઠળની અલગ અલગ ૩૫ ચેકિંગ ટુકડીઓને દોડતી કરાવાઈ હતી. જેની મદદ માટે ૧૮ એસઆરપીના જવાનો અને ૧૧ લોકલ પોલીસને જોડવામાં આવ્યા છે. જામનગર શહેરના બેડી, બેડેશ્વર, ગાંધીનગર, મોમાઈનગર, પંચવટી, સતવારાવાડ, દરબારગઢ, લીમડાલેન સહિતના વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે હાલારના બંને જિલ્લાઓમાં ૨૮ ડિસેમ્બરથી ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને વ્યાપક પ્રમાણમાં ચેકિંગ કરાયું હતું. [redacted]



## તંત્રી સ્થાનેથી..

# ઝવેરી બજારમાં ફરી તેજીનો ચમકારો

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ ઝડપી વધ્યા હતા. સોનામાં તેજી આગળ વધી હતી જ્યારે ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારના સમાચાર ભાવમાં ઉછાળો બતાવી રહ્યા હતા. વિશ્વ બજાર વધતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે ફરી ભાવ ઉછાળાઓ શરૂ થયા હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ વધી ઔંસના ઉંચામાં ૪૪૦૦ ડોલરની નજીક પહોંચી ગયાના નિર્દેશો હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૩૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૩૮૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૩૯૦૦૦ બોલાતા થયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ આજે કિલોના રૂ.૪૦૦૦ વધી રૂ.૨૩૬૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૪૩૧૯થી ૪૩૨૦ વાળા વધી ૪૪૦૦ થઈ ૪૩૯૩થી ૪૩૯૪ ડોલર રહ્યા હતા. સોનામાં ફંડો એક્ટીવ હતા. સોના પાછળ ચાંદીના વૈશ્વિક ભાવ પણ ઔંસના ૭૧.૬૫ વાળા વધી ૭૪.૫૫ થઈ ૭૪.૦૫થી ૭૪.૦૬ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર વધી ૯૯૫ના રૂ.૧૩૪૨૪૨ તથા ૯૯૯ના રૂ.૧૩૪૭૮૨ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ વધી જીએસટી વગર રૂ.૨૩૪૯૦૬ થઈ રૂ.૨૩૪૫૫૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન,વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૨૦૬૧ વાળા વધી ૨૧૫૭ થઈ ૨૧૪૩થી ૨૧૪૪ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૬૨૧ વાળા વધી ૧૬૭૨ થઈ ૧૬૫૪થી ૧૬૫૫ ડોલર રહ્યા હતા.

# રાજકોટવાસીઓ પાલિકાની કામગીરીથી ભારે નારાજ

## સૌથી વધુ ડ્રેનેજની ફરિયાદથી લોકો ત્રાહિમામ છે




રાજકોટ,
રાજકોટ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૨૫માં ફરિયાદોનો ધોધ વહ્યો છે. એક વર્ષમાં ૪.૬૭ લાખ એટલે કે દૈનિક ૧૨૮૦ જેટલી ફરિયાદો મળી હતી. સૌથી વધુ ડ્રેનેજની ફરિયાદ થી લોકો ત્રાહિમામ છે. ફરિયાદનો ઝડપથી ઉકેલ લાવવા રાજકોટ મહાનગરપાલિકા કાર્યશીલ હોવા છતાં દરરોજ હજારોની સંખ્યામાં ફરિયાદો ઉઠી રહી છે. રાજકોટ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૪૬૭,૫૮૨ ફરિયાદો નોંધાઈ હતી. જેમાંથી ૪૬૨,૪૬૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૫,૧૧૭ ફરિયાદો હાલ ઓપન સ્ટેટસમાં છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સૌથી વધુ ફરિયાદો ડ્રેનેજ ચોકઅપ અથવા ઓવરફ્લો વિભાગની કુલ ૨૬૫,૧૧૪ નોંધાઈ છે. જે કુલ ફરિયાદોના ૫૬.૭૦ ટકા જેટલી થવા જાય છે. ઉપરાંત રોશની વિભાગમાં ૪૯,૨૩૪ ફરિયાદો, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં ૩૯,૪૫૦ અને વોટર વર્ક્સ વિભાગમાં ૩૪,૪૮૪ ફરિયાદો નોંધાઈ છે. બાંધકામ વિભાગમાં વર્ષ દરમિયાન ૧૮,૪૪૨ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૧૬,૭૨૩ ફરિયાદો ઉકેલવામાં આવી છે.

અન્ય મુખ્ય વિભાગોની વાત કરીએ તો, ડ્રેનેજ મેન્ટેનન્સમાં ૨૧,૯૧૦, કન્ઝર્વન્સી (મૃત પ્રાણી) માટે ૧૦,૦૪૪ અને દબાણ હટાવ શાખામાં ૭,૧૭૦ ફરિયાદો નોંધાઈ હતી. શહેરી પરિવહન સેવા જેવી કે સિટી બસ માટે ૪,૯૧૫ અને બગીચા વિભાગ માટે ૪,૯૨૩ ફરિયાદો મળી હતી. આરોગ્ય અને મલેરિયા વિભાગમાં અનુક્રમે ૭૫ અને ૨,૯૫૮ ફરિયાદોનો સમાવેશ થાય છે. ફાયર વિભાગમાં ૧૩૯ ફરિયાદો નોંધાઈ હતી જે તમામ હાલ ઓપન સ્ટેટસમાં દર્શાવવામાં આવી છે. વિરોધ પક્ષના નેતા વસરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકામાં છેલ્લા એક વર્ષમાં ચાર લાખ કરતા વધુ ફરિયાદો નોંધાય છે જે સ્પષ્ટ બતાવે છે કે રાજકોટ મહાનગરપાલિકા નું તંત્ર લોકોને સુવિધા આપવામાં નિષ્ફળ ગયું છે. દરરોજ ૧૦૦૦ ફરિયાદ નોંધાય છે. જેમાં ડ્રેનેજ બગીચા ફાયર બસ સહિતની ફરિયાદો નોંધાય છે. જેનો નિકાલ તાત્કાલિક અસરથી થવો જોઈએ તે થતો નથી

મુખ્ય ફરિયાદોની વિગતો
ક્રમ વિભાગ ફરિયાદ સોલ્વ પેન્ડિંગ
૧ ડ્રેનેજ ચોકઅપ ૨,૬૫,૧૧૪ ૨,૬૪,૬૦૯ ૫૦૫
૨ રોશની વિભાગ ૪૯,૨૩૪ ૪૯,૧૦૫ ૧૨૯
૩ સોલીડ વેસ્ટ ૩૯,૪૫૦ ૩૯,૨૭૬ ૧૭૪
૪ વોટરવર્ક્સ ૩૪,૪૮૪ ૩૩,૩૦૬ ૧,૧૭૮
૫ ડ્રેનેજ મેન્ટેનન્સ ૨૧,૯૧૦ ૨૧,૬૦૭ ૩૦૩
૬ મૃત પ્રાણી ફરિયાદ ૧૦,૦૪૪ ૧૦,૦૧૦ ૩૪
૭ બાંધકામ વિભાગ ૧૮,૪૪૨ ૧૬,૭૨૩ ૧,૭૧૯
૮ સિટિબસ ૪,૯૧૫ ૪,૯૦૬ ૦૯
૯ દબાણ હટાવ ૭,૧૭૦ ૭,૦૮૨ ૮૮
૧૦ ટાઉન પ્લાનિંગ ૨,૧૫૬ ૧,૮૭૧ ૨૮૫
૧૧ ફાયર વિભાગ ૧૩૯ ૦૦ ૧૩૯

રાજકોટ શહેરમાં સૌથી વધુ ફરિયાદ ડ્રેનેજ ચોકઅપ થવાની ૨.૬૫ લાખ છે. જ્યારે બીજા ક્રમે રોશની વિભાગની ૪૯ હજાર જેટલી અને ત્રીજા ક્રમે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કચરાના નિકાલને લગતી કુલ ૩૯ હજાર અને વોટર વર્ક્સ વિભાગની પાણી વિતરણને લગતી ૩૪ હજાર જેટલી ફરિયાદો નોંધાઈ છે.

આ ફરિયાદો અંગે રાજકોટના મેયર નયનાબેન પેઢડિયાએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાં ૧૭ માં ભાજપના નગરસેવકો છે. એક વોર્ડમાં જ કોંગ્રેસના નગરસેવક ચૂંટાયેલા છે. વિકાસ ની કામગીરી ચાલે છે એટલે જ નાગરિકોને અપેક્ષાઓ હોઈ છે જેથી જે પ્રશ્નો આવે છે ચાહે ડ્રેનેજ હોઈ કે સફાઈ બધાનું યોગ્ય નિરાકરણ આવે છે. મનપાનાં અધિકારીઓ દ્વારા ડ્રેનેજ ચોકઅપ થાય નહીં તેના માટે કાયમી વ્યવસ્થા કરવામાં આવે તો ૫૦% કરતા વધુ ફરિયાદો ઓછી થાય તેમ છે. ત્યારે મનપા તંત્ર દ્વારા આ દિશામાં ક્યારે અને કેવા પગલાં લેવાશે તે જોવું રહ્યું..

# રોકાણકારોને શેરબજારમાં મોટા નફાની લાલચ આપી ફસાવતો, મહેસાણા સહિત ત્રણ જગ્યાએથી કરતો ઓપરેટ

અમદાવાદ
શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને રોકાણકારોને કરોડો રૂપિયાની ઠગાઈ કરનાર માસ્ટરમાઈન્ડ હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને તેના સાગરીતોના નેટવર્કને અમદાવાદ EDએ ઝડપી પાડ્યું છે. PMLA હેઠળ ચાલી રહેલી તપાસમાં EDહિમાંશુ ભાવસાર એન્ડ કંપની પાસેથી ૧૧૦ કિલો ચાંદી, ૩૯.૭ કિલો ચાંદીના દાગીના, ૧.૨૯૬ કિલો સોનું, ૩૮.૮ લાખ રોકડ રકમ, વિદેશી ચલણ અને કરોડો રૂપિયાની સ્થાવર મિલકતોના દસ્તાવેજો જપ્ત કર્યા છે. મહેસાણા, વિસનગર અને વડનગરમાં ઓફિસો ખોલીને રોકાણકારોને ફોન કરી લાલચ આપતા આ માસ્ટરમાઈન્ડે અનેક રાજ્યોમાં ૧૦.૮૭ કરોડની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અમદાવાદ ઝોનલ ઓફિસ દ્વારા શેર માર્કેટમાં રોકાણના નામે કરવામાં આવેલી ઠગાઈના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મની લોન્ડરિંગ એક્ટ (PMLA)હેઠળ અમદાવાદના હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર તથા અન્ય આરોપીઓ સામે તપાસ દરમિયાન શરૂ કરીને EDએ કરોડો રૂપિયાની મિલકત અને નાણાં જપ્ત કર્યા છે.

EDએ હાથ ધરેલી તપાસમાં કુલ ૧૧૦ કિલોગ્રામ ચાંદી જપ્ત કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨.૪ કરોડ થાય છે. આ ઉપરાંત લગભગ ૧.૨૯૬ કિલોગ્રામ સોનું પણ મળી આવ્યું છે, જેની કિંમત રૂપિયા ૧.૭ કરોડ છે. તેની સાથે આશરે ૩૯.૭ કિલોગ્રામ ચાંદીના દાગીના પણ જપ્ત કરાયા છે.

આ તપાસ દરમિયાન ભારતીય ચલણમાં રૂપિયા ૩૮.૮ લાખ રોકડ રકમ અને વિદેશી ચલણ પણ મળ્યું છે, જેની કિંમત રૂપિયા ૧૦.૬ લાખ થાય છે. આ ઉપરાંત વિવિધ સ્થાવર મિલકતના દસ્તાવેજો પણ ઈદ્ર દ્વારા કબજે લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપીઓએ શેર માર્કેટમાં ઊંચા નફાની લાલચ આપી અનેક રોકાણકારોને છેતર્યા હતા. ED દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને ગુનામાં સંડોવાયેલા અન્ય લોકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહેસાણા જિલ્લાના ખેરાલુ પોલીસ સ્ટેશન દ્વારા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલી FIRના આધારે EDએ તપાસ શરૂ કરી હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદીને શેરબજારમાં પૈસા રોકાણ કરવાની લાલચ આપીને મોટો નફો કમાવ્યો અને બાદમાં, ફરિયાદીને તેમના રોકાણો પરત ન કરીને છેતરપિંડી કરી હતી. આરોપીઓએ ફરિયાદીના પૈસા કોઈપણ કંપનીના કોઈપણ શેરમાં રોકાણ કર્યા ન હતા અને તેનો ઉપયોગ વ્યક્તિગત લાભ માટે કર્યો હતો. પાછળથી તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે ભારતના વિવિધ રાજ્યોમાં પોલીસ દ્વારા ઓછામાં ઓછી ૬થી વધુ FIR નોંધવામાં આવી હતી જેમાં કુલ ૧૦.૮૭ કરોડ રૂપિયાની છેતરપિંડીની રકમનો સમાવેશ થાય છે.

તપાસમાં એવું પણ બહાર આવ્યું હતું કે, માસ્ટરમાઈન્ડ હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને અન્ય આરોપીઓએ શેરબજારમાં રોકાણના નામે સામાન્ય લોકોને આકર્ષિત કરવા અને ભંડોળ મેળવવાના હેતુથી મહેસાણા, વિસનગર અને વડનગરમાં સંખ્યાબંધ ઓફિસો ખોલી હતી. તેમણે ઘણા કર્મચારીઓને રાખ્યા હતા, જેથી તેઓ સંભવિત રોકાણકારોને નિયમિત ફોન કરીને શેરબજારમાં રોકાણના નામે ભંડોળ મેળવવા માટે તેમને વધુ વળતરની લાલચ આપી શકે.



હેઠળની તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે હિમાંશુ ભરતકુમાર ભાવસારે વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ, દલાલ સ્ટોક્સ એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ અને દેવકી સ્ટોક્સ પ્રાઈવેટ લિમિટેડના ઉપયોગ માટે તેમની વ્યક્તિગત ક્ષમતામાં દ્વારા જારી કરાયેલા રોકાણ સલાહકાર પ્રમાણપત્રનો ઉપયોગ તેમની બિન-નોંધાયેલ રોકાણ સલાહકાર પ્રવૃત્તિઓ માટે કર્યો હતો.

ત્રણ એન્ટિટી પાસે રોકાણ સલાહકાર તરીકે કામ કરવા માટે તરફથી નોંધણીનું કોઈ પ્રમાણપત્ર નહોતું. જીઈમ્એ તેના આદેશમાં વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ, દલાલ સ્ટોક્સ એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ અને દેવકી સ્ટોક્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરો હિમાંશુ ભરતકુમાર ભાવસાર પિન્ટુ ભાવસાર અને અન્યને રોકાણ સલાહ આપીને કરવામાં આવેલા ઉલ્લંઘન માટે જવાબદાર ઠેરવ્યા હતા. વધુ તપાસ ચાલુ છે.

# બોપલમાં પિતરાઈ ભાઈએ કરી ભાઈની કરપીણ હત્યા

અમદાવાદ,
અમદાવાદના બોપલ વિસ્તારમાં ગુરૂવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લોહીના સંબંધો લજવાય તેવી આ ઘટનામાં એક માસીયાઈ ભાઈએ જ પોતાના ભાઈ પર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો છે.

માત્ર જમવા જેવી સામાન્ય બાબતમાં થયેલી તકરારે જોતજોતામાં લોહીયાળ જંગનું સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મૃતક રામુ કુશ્વાહા અને આરોપી વિષ્ણુ કુશ્વાહા બંને મૂળ મધ્યપ્રદેશના મોરેના વતની છે અને અમદાવાદમાં રહીને કલર કામની મજૂરી કરતા હતા. ગઈકાલે સાંજે (ગુરૂવારે) બંને ભાઈઓ જ્યારે ઘરે હતા, ત્યારે જમવાની કોઈ બાબતે તેમની વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે વિષ્ણુ કુશ્વાહા આવેશમાં આવી ગયો હતો અને રસોડામાંથી છરી લાવી રામુ પર ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

તીક્ષ્ણ હથિયારના હુમલાને કારણે રામુ કુશ્વાહાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વધુ પડતો રક્તસ્ત્રાવ થવાને કારણે રામુએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. એક નજીવી તકરારે એક યુવાનનો જીવ લીધો અને બીજાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઘટનાની જાણ થતા જ બોપલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી વિષ્ણુ કુશ્વાહાની અટકાયત કરી લીધી છે. પોલીસે રામુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. આરોપી વિષ્ણુ વિરુદ્ધ હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પરપ્રાંતિય મજૂર પરિવારોમાં બનેલી આ ઘટનાને પગલે શ્રમિકોમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.

# પતંગ ચગાવતા દાદીવાડના યુવકનો ચહેરો ચીરાયો


સાબરકાંઠા,
સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દાદીવાડ ગામે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના કારણે એક કરુણ ઘટના બની છે. ઉત્તરાયણનો તહેવાર નજીક આવતા જ બજારમાં છૂપી રીતે વેચાતી ચાઈનીઝ દોરી માનવીઓ માટે ઘાતક સાબિત થઈ રહી છે. દાદીવાડ ગામનો એક યુવક જ્યારે પતંગ ચગાવી રહ્યો હતો, ત્યારે અચાનક ચાઈનીઝ દોરી તેના ચહેરા પર આવી જતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. ધારદાર દોરીના કારણે યુવકનો ચહેરો કપાઈ ગયો હતો અને તેને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડવો પડ્યો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકાર અને વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ અને વપરાશ પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં, બજારમાં તેનું વેચાણ બેરોકટોક ચાલુ હોવાનું આ ઘટના પરથી સાબિત થાય છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે પોલીસની નબળી કામગીરીને કારણે વેપારીઓ લાલચમાં આવીને આ ઘાતક દોરી વેચી રહ્યા છે. પીડિત પરિવાર અને સ્થાનિકોએ માગ કરી છે કે ચાઈનીઝ દોરી વેચતા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી અન્ય કોઈનો જીવ જોખમમાં ન મુકાય.

# ન્યાયાધીશે શ્લોક ટાંકીને હત્યારા પ્રેમીને અંતિમ શ્વાસ સુધીની કેદ ફટકારી



ગાંધીનગર
ગાંધીનગર જિલ્લાના કલોલની સેશન્સ કોર્ટે સ્ત્રી હત્યાના એક અત્યંત કરપીણ કિસ્સામાં ઐતિહાસિક ચુકાદો આપતા આરોપીને જીવનના અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા ફટકારી છે. નોંધનીય છે કે, ન્યાયાધીશ બી.આર.રાજપુતે આ ચુકાદાની શરૂઆત જ એક ગહન સંસ્કૃત શ્લોક×ન સ્ત્રીવધસમં પાપં ન ચતતત્સ દશાંડપર: તસ્માત તસ્ય વંધે દંડ, કઠોર સમ્પ્રદીપમ× થી કરી હતી. જેનો અર્થ સમજાવતા તેમણે નોંધ્યું હતું કે સ્ત્રી હત્યા સમાન અન્ય કોઈ પાપ કે ગુનો નથી.

આ કેસની વિગતો મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના અલીગઢનો વતની આરોપી નારાયણસીંગ મખ્ખનસીંગ કુશવાહા રકનપુર ગામે એક કંપનીના સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતો હતો, જ્યાં તેને શોભા ઉર્ફે શોભના નામની મહિલા સાથે પ્રેમ સંબંધ હતો. જોકે શોભનાને અન્ય વ્યક્તિ સાથે પણ સંબંધ હોવાની જાણ થતા અને તે અવારનવાર પૈસાની માંગણી કરતી હોવાથી આરોપીએ અદાવત રાખી હતી.

ગત તારીખ ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ બપોરના સમયે જ્યારે શોભના આરોપીના રૂમ પર ગઈ હતી .ત્યારે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો અને ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન આવેશમાં આવીને આરોપીએ પાવડાના તૂટેલા લાકડાના ધોકા વડે શોભનાના માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી અને તેનું માથું દિવાલ સાથે અથડાવી નીચે પાડી દીધી હતી. આટલે થી નહીં અટકેલા આરોપીએ ક્રૂરતાની પરાકાષ્ઠા વટાવતા અગાસી પર કપડાં સુકવવાની દોરી કાપી તેના વડે ગળે ટૂંપો આપી તેણીની હત્યા કરી [redacted] પૂરી [redacted] થઈ ગયો હતો. આ ઘટના [redacted] દરમિયાન બની [redacted] સમય બાદ જ્યારે [redacted] આવ્યો ત્યારે [redacted] લાશ હાડપિંજર [redacted] મળી આવી [redacted] પોલીસ સ્ટેશનમાં [redacted] ગુનાનો કેસ કલોલ [redacted] પર આવતા [redacted] જે.એચ.જોષી [redacted] દલીલો રજૂ [redacted] હતી. [redacted] કેસમાં સૌથી [redacted] પુરાવો [redacted] દ્વારા આપવામાં [redacted] અહેવાલ [redacted] જેના આધારે [redacted] કે ફરિયાદ પક્ષ [redacted] પુરાવાની [redacted] કરવામાં સફળ [redacted] આજરોજ અદાલતે [redacted] જીવન કેદ એટલે [redacted] શ્વાસ સુધીની [redacted] ૧ લાખના દંડની [redacted] કર્યો છે.

# ઝુંડાલ પાસે એક્ટિવા ચાલક વૃદ્ધ પર ટ્રક ફરી વળતાં, ઘટનાસ્થળે મોત






ગાંધીનગર
ગાંધીનગરના ઝુંડાલ પાસે મહેસાણા અમદાવાદ હાઈવે પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે જ્યારે તેમના પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકનું ટાયર દંપતી પર ફરી વળતા માનસિંહભાઈ ચૌધરીનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું, અને રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત રમીલાબેનને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, હોસ્પિટલમાં રમીલાબેનની હાલત અત્યંત નાજુક હોવાથી તબીબોએ તેમનો ડાબો પગ ઘૂંટણથી નીચેના ભાગેથી કાપવાની ફરજ પડી હતી, જ્યારે તેમના ડાબા હાથે ફેક્ચર હોવાથી સળીયો નાખવામાં આવ્યો છે. ગાંધીનગરના વાવોલમાં રહેતા ૭૦ વર્ષીય માનસિંહભાઈ રેવાભાઈ ચૌધરી અને તેમના પત્ની રમીલાબેન પોતાના એક્ટિવા પર સવાર થઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન ઝુંડાલ બ્રિજ પાસે પાછળથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી ટ્રકના ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી, ટક્કર એટલી ભયાનક હતી કે દંપતી રોડ પર પટકાયા હતા અને ટ્રકનું ટાયર તેમના પર ફરી વળ્યું હતું.

# સાઉથ આફ્રિકાએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ટીમ કરી જાહેર

નવી દિલ્હી,

સાઉથ આફ્રિકા ક્રિકેટ બોર્ડે આગામી મહિને સાત તારીખેથી શરૂ થઈ રહેલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે પોતાની ટીમ જાહેર કરી દીધી છે. એડન માર્કરમ ટીમની કમાન સંભાળશે. ટીમમાં સ્ટાર વિકેટકીપર બેટ્સમેન રેયાલ રિકેલ્ટન અને તોફાની બેટ્સમેન ટ્રિસ્ટન સ્ટબ્સને જગ્યા મળી નથી. જ્યારે ફાસ્ટ બોલર કગિસો રાબાડાને ટીમમાં જગ્યા આપવામાં આવી છે. કેટલાક ખેલાડીઓને ટી૨૦ વર્લ્ડ કપ માટે પહેલી વાર ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે.

મોટી ટૂર્નામેન્ટ પહેલા સાઉથ આફ્રિકા માટે સારા સમાચાર આવ્યા છે. ટીમનો ફાસ્ટ બોલર કાગિસો રબાડા ફરી એક્શનમાં જોવા મળશે. તેને મેદાન પર વાપસી માટે લીલી ઝંડી મળી ગઈ છે. રબાડા પાંસળીની ઈજાના કારણે ભારત સામે તાજેતરના વ્હાઈટ-બોલ ટૂરમાં રમ્યો નહોતો. હવે આગામી ઝ્ઝ ઈવેન્ટ માટે તેની હાજરીથી ટીમના પેસ એટેકને જરૂરી શક્તિ અને અનુભવ મળશે. બીજી તરફ, ધમાકેદાર ટોપ ઓર્ડર વિકેટકીપર-બેટ્સમેન રેયાન રિકેલ્ટનને ૧૫ સભ્યોની ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો છે, જ્યારે જેસન સ્મિથને ટીમમાં સ્થાન મળ્યું છે. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ એક નિવેદનમાં જણાવ્યું કે, "T20 ઇન્ટરનેશનલના કેપ્ટન એડન માર્કરમ ટીમનું નેતૃત્વ કરશે. જેમાં કોર્બિન બોશ, ડેવાલ્ડ બ્રેવિસ, ટોની ડી જોર્જી, ડોનોવન ફેરેરા, જ્યોર્જ લિંડે, ક્વેના મફાકા અને જેસન સ્મિથને પહેલીવાર T20 વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવ્યા છે.× પેટ્રિક મોરોનીએ કહ્યું, ×અમારે કેટલાક મોટા નિર્ણયો લેવા પડ્યા, પણ



અમને લાગે છે કે આ ગ્રુપ સૌથી મજબૂત છે અને ભારત તથા શ્રીલંકામાં સફળ થવાની પૂરી તકો છે.× તેમણે વધુમાં ઉમેર્યું, ×અમે રમતના કેટલાક શ્રેષ્ઠ અને અનુભવી ખેલાડીઓ સાથે T20ના કેટલાક ટેલેન્ટેડ યુવાનોને જોડીને વર્લ્ડ ક્લાસ ટીમ તૈયાર કરી છે.×

સાઉથ આફ્રિકાને ગ્રુપ ઢમાં રાખવામાં આવ્યું છે. સાઉથ આફ્રિકા સામે અફઘાનિસ્તાન, કેનેડા, ન્યૂઝીલેન્ડ અને યુનાઈટેડ આરબ અમીરાત જેવી ટીમો હશે. ટીમ પોતાનું અભિયાન ૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં કેનેડા સામેની મેચથી શરૂ કરશે. ગયા T20 વર્લ્ડ કપના ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ભારત સામે હાર મળતાં ટ્રોફી ગુમાવવી પડી હતી. તેથી આ વખતે ટીમ ટાઈટલ જીતવાના મજબૂત ઈરાદા સાથે ટૂર્નામેન્ટમાં ઉતરશે. ટીમ : એડન માર્કરમ (કપ્તાન), કોર્બિન બોશ, ડેવાલ્ડ બ્રેવિસ, ક્વિન્ટન ડી કોક, ટોની ડી જોર્જી, ડોનોવન ફેરેરા, માર્કો યાનસેન, જ્યોર્જ લિંડે, કેશવ મહારાજ, ક્વેના મફાકા, ડેવિડ મિલર, લુંગી એન્ગિડી, એનરિચ નોર્ખિયા, કાગિસો રબાડા, જેસન સ્મિથ.

# ગુજરાત કોલેજ પાસે હિટ એન્ડ રન, કાર ચાલકે બાઈક સવારને ઢસડતા મોત

**આ ગંભીર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે**




અમદાવાદ,

અમદાવાદ શહેરમાં નવા વર્ષની સાંજે જ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. એલીસબ્રિજ વિસ્તારમાં આવેલી ગુજરાત કોલેજ પાસે પૂરપાટ ઝડપે આવતી એક અજાણી કારે મોટરસાઈકલ સવારને અડફેટે લઈ રોડ પર ઢસડ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાકરોલ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય ચંન્દ્રકાંતભાઈ વેલજીભાઈ પંચાલ ગત ૧ જાન્યુઆરીના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યે પોતાની મોટરસાઈકલ પર અર્ચનાબેન ઓઝાને બેસાડીને પાલડીથી ચાણક્યપુરી તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ ગુજરાત કોલેજ ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલી એક અજાણી કારે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી પ્રચંડ હતી કે ચંન્દ્રકાંતભાઈ રોડ પર પટકાયા હતા અને કાર ચાલક તેમને રોડ પર ઢસડી ગયો હતો. આ અકસ્માતમાં ચંન્દ્રકાંતભાઈને છાતીના ભાગે પાંસળીઓમાં ગંભીર ફેક્ચર અને શરીરે અન્ય જીવલેણ ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક એલીસબ્રિજની એસ.વી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમણે દમ તોડ્યો હતો.

આ ઘટના અંગે ઋષિ ચંન્દ્રેશકુમાર પંચાલે અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

# મોડાસા કેળવણી મંડળ ના પ્રમુખ તરીકે. સાતમી વખત વરણી થઈ



ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

૧૦૬ વર્ષોથી શિક્ષણ આપતું મોડાસા કેળવણી મંડળ મોડાસા, સર્વોદય, કલરવ અને બી kanai શાળાનું સંચાલન કરતા કેળવણી મંડળની સામાન્ય સભા માં કેળવણી મંડળની કાયા પલટ કરવાના સંકલ્પ લઈ મંડળ માં જોડાયેલ બીપીનભાઈ ર. શાહ ની સાતમી વખત પ્રમુખ તરીકે પસંગી કરવામાં આવી છે. બિપીન ભાઈ એ. તેમના નેતૃત્વ માં કલરવ અને CBSE શાળા ની સ્થાપના કરી, મોડાસા, બી kanai , કલરવ શાળાનાં નવા ભવ્ય ૨૧ મી સદી ના શિક્ષણ ને, નવી શિક્ષણ નીતિ ને અનુરૂપ શિક્ષણક ભવનો બનાવ્યા છે, અધતન શિક્ષણીક સાધનો શિક્ષણ આપવાની જોગવાઈ કરી છે. અને હવેના તેમના નેતૃત્વમાં સર્વોદય હાઈ સ્કૂલ નો નવું ભવન બનાવવામાં આવી રહ્યું છે. બીપીનભાઇ શાહ પ્રમુખ થતાં નગર પાલિકા ના પ્રમુખ નીરજ શેઠ, નાગરિક બેંક ના ચેરમેન પ્રગ્નેશ શેઠ, કોલેજ મંડળના પ્રમુખ મહેન્દ્ર શાહ , મંડળના પદાધિકારીઓ અને સભ્યો એ અભિનંદન આપ્યાં હતાં.

# ભૂરિયા ૧૧મુખી હનુમાનજીની અદભૂત વિરાટ મૂર્તિ દર્શન માટે ઉમટી રહ્યો છે માનવ સમુદાય



ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

નવ રચિત વાવ થરાદ જિલ્લો થરાદ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય,બનાસ ડેરી ના ચેરમેન તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માનનીય શંકરભાઈ ચૌધરી ના વિઝનરી નેત્રુત્વ ને કારણે વિકાસની નવી હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રાહ તાલુકાના ભૂરિયા ગામે મહામંડલેશ્વર ઘેવરદાસજી મહારાજ ના સત સંકલ્પથી વાવ થરાદ પંથકને ગૌરવ લઈ શકાય તેવી ૧૧મુખી હનુમાનજીની સમગ્ર ભારત વર્ષની ૩૧ ફૂટ ઊંચી પથ્થરમાંથી નિર્મિત એકમાત્ર વિરાટ પ્રતિમા નિર્માણ નુ કામ કાજ ચાલુ હતુ જેને રંગરોગાન સાથે તાજેતરમાં સંપૂર્ણ તૈયાર થતાં આ વિસ્તારમાં હર્ષ થવાયો છે તથા દર્શન માટે વિશાળ માનવ મહેરામણ ઉમટી રહ્યો છે અને આ સ્થળ તીર્થધામ તરીકે ઉભરી રહ્યું છે કોરોના કાલથી વિશ્વ ના તમામ જીવાત્માઓના કલ્યાણ માટે દર શનિવારે ૧૧ મુખી હનુમાનજી આશ્રમ ભૂરિયા ખાતે સુંદરકાંડ પાઠ નુ આયોજન કરવામાં આવે છે તે પૈકી આ શનિવારે સતત ૨૭૧ મા પાઠનુ આયોજન મહામંડલેશ્વર શ્રી મહંત ઘેવરદાસજી મહારાજ ના પાવન સાંનિધ્યમાં શાસ્ત્રી વિક્રમભાઈ લુણીશંકર દવેના કંઠે કરવામાં આવ્યું હતું આશ્રમ ના મહંત જ્યાં સુધી પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી છેલ્લા દોઢ વર્ષથી અન્ન નો ત્યાગ કરી ફલાહારી જીવન જીવી રહ્યા છે નવરાત્રી થી દરરોજ સવારે શાંતિ પોષ્ટિક હવન થાય છે વર્ષોથી અખંડ જ્યોત ચાલુ છે દર્શન માટે આવતા ભક્તો માટે ચા પાણી ભોજન વ્યવસ્થા ઉપલબ્ધ છે

# જાયન્ટ્સ હિંમતનગર સહિયર દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો યોજાયા




ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલેની જન્મજયંતી નિમિત્તે જ્ઞાનગંગા શાળામા સાવિત્રીબાઈ ફૂલે વિશે દીકરીઓને ખુબ સરસ માહિતી આપવામા આવી પ્રિન્સિપાલ જયાબેન પણ ખુબ સુંદર રીતે વક્તવ્ય આપ્યુ સંચાલક સુરેશભાઈ હાજર રહ્યા ગ્રુપ તરફથી દીકરીઓને ચોપડા તથા પેન આપવામા આવ્યા. શ્રેયસ વિદ્યામંદિરમા ૧ થી ૩ ધોરણના બાળકોને એજ્યુકેશન કીટ અને કંપાસ બોક્સ આપવામા આવ્યા હતા પ્રિન્સિપાલ મુકેશભાઈ હાજર રહ્યા આજે હીનાબેન અને વનિતાબેન સુથારના જન્મદિવસ નિમિત્તે આ સુંદર ગીફ્ટ બાળકોને આપવામા આવી આજના કાર્યક્રમ મા પ્રમુખ રાજશ્રીબેન, મંત્રી હીનાબેન, પૂર્વ પ્રમુખ સોનલબેન, કાંતાબેન, મંજુલાબેન તથા અન્ય બહેનો હાજર રહ્યા.

### શામળાજીમાં શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદિરમાં

# વૈદિક મંત્રોચ્ચાર સાથે પુજા-પાઠ દરમિયાન નવિન ચેરમેન ભરતભાઈ દેવશંકર ઉપાધ્યાય સહિત ટ્રસ્ટીઓએ કાર્યભાર સંભાળ્યો

ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

મહારાણા પ્રતાપના રાજયગુરૂ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો જે હલ્દીઘાટીના યુદ્ધ પછી ગુજરાત રાજય તરફ આવ્યા હતા. તે સમયે શામળાજી મુકામે તેમની સાથે આરાધ્યદેવ શ્રી ત્રિલોકીનાથ ભગવાન અને નટરાજની દિવ્ય પ્રતિમા લાવી ઘર અને મંદિરની સ્થાપના કરી હતી.સુંદર મંદિરની રચના કરવામાં આવેલ હતી.ગુજરાત રાજય સરકાર દ્વારા શામળાજી વિસ્તારનો વિકાસ થતાં શામળાજી મંદિર સહિત એક પરિસરમાં બનેલ શ્રા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના ૧૨ ગામના ધ્વારા સંચાલિત શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદિર, શામળાજીના ટ્રસ્ટ વર્ષ - ૨૦૨૬-૩૦ના પાંચ વર્ષના કાર્યકાળ માટે સમાજના દરેક ગામોમાંથી નિમાયેલા ટ્રસ્ટીઓ દ્વારા સર્વાનુમતે ટ્રસ્ટના ચેરમેન પદે ભિલોડા તાલુકાના રીંટોડા ગામના ભરતભાઈ દેવશંકર ઉપાધ્યાયની નિમણુંક કરી છે. શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદિર અને ટ્રસ્ટના સર્વાંગી વિકાસ માટે આગામી ૫ વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ નિમણૂંક પામ્યા છે.

(૧) ચેરમેન :- ભરતભાઈ દેવશંકર ઉપાધ્યાય, રિંટોડા,(૨) વાઈસ ચેરમેન - ૧ :- રિતેશભાઈ જસવંતલાલ ઉપાધ્યાય, પુનાસણ,(૩) વાઈસ ચેરમેન - ૨ :- ભરતભાઈ ભવાનીશંકર ઠાકર, વાંકાનેર ,(૪) મંત્રી (સેક્રેટરી) પ્રકાશભાઈ પુરૂષોતમદાસ જોષી, પેઢમાલા,(૫) સહમંત્રી :- હર્ષદભાઈ બળદેવદાસ ત્રિવેદી, ભિલોડા ,(૬) ખજાનચી :- શ્રી સંજયભાઈ રવિશંકર ઉપાધ્યાય, ધોલવાણી ,(૭) સહખજાનચી :- ધર્મેશભાઈ વિજયભાઈ ઉપાધ્યાય, બાંખોર,(૮) બંધારણ સમિતિ ચેરમેન :- પ્રવીણભાઈ મુળશંકર ઠાકર, વાંકાનેર,(૯) બંધારણ સમિતિ વાઈસ ચેરમેન :- રમેશભાઈ બાબુલાલ ત્રિવેદી, સરવણા,(૧૦) સંકલન/સંપર્ક મંત્રી :- જીતેન્દ્રભાઈ કૃષ્ણારામ પંડયા, પેઢમાલા,(૧૧) કાર્યાલય મંત્રી :- પ્રદીપભાઈ હરિશ્ચંદ્ર પંડ્યા, ધુલેટા,(૧૨) ઉત્સવ મંત્રી :- અશ્વિનભાઈ રમેશચંદ્ર ત્રિવેદી, કુશલગઢ,(૧૩) ઓનલાઈન/ડીજીટલ એકાઉન્ટ મંત્રી :- લક્ષ્મીકાન્તભાઈ કરૂણાશંકર ઉપાધ્યાય, બાંખોર,(૧૪) ઈન્ટરનલ ઓડીટર :- નરેશભાઈ નાથાલાલ જોષી, બામણા,(૧૫) પ્રસાર/પ્રચાર મંત્રી :- સમીરભાઈ ભરતભાઈ પંડ્યા, સુનસર ,(૧૬) ટ્રસ્ટી :- પરાગભાઈ સુરેશભાઈ ઉપાધ્યાય, રિંટોડા,(૧૭) ટ્રસ્ટી :- પિંન્કેશભાઈ વલ્લભદાસ વ્યાસ, પુનાસણ,(૧૮) ટ્રસ્ટી :- રાજેશભાઈ ગજાનંદભાઈ ત્રિવેદી, ભિલોડા,(૧૯) ટ્રસ્ટી :- મહેન્દ્રભાઈ પ્રભાશંકર ભટ્ટ, બામણા. નવિન ટ્રસ્ટી મંડળના કાર્યકાળનો શુભારંભ ૧ જાન્યુઆરી - ૨૦૨૬ના શુભ દિવસે શ્રી ત્રિલોકીનાથ ભગવાનની ચેરમેન, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને પંચ પ્રમુખ રમેશભાઈ મણિલાલ ત્રિવેદી અને અનેકવિધ ગામોના હાજર રહેલા પંચ પ્રમુખો દ્વારા સમાજના લોકોની હાજરીમાં સોળશોપચારની ભવ્યાતિભવ્ય પુજા, છપ્પન ભોગના મનોરથ ભકિતભાવ પુર્વક કર્યા હતા.બસોથી વધારે પરીવારો



દ્વારા કરવામાં આવેલી સામુહિક આરતીથી શ્રી ત્રિલોકીનાથ ભગવાનનું મંદિર પરીસર દીપી ઉઠ્યો હતો.ભક્તિભાવનું અદભુત દ્રશ્ય સર્જાયું હતું.સર્વે હોદ્દેદારો સહીત આવેલા તમામ જ્ઞાતિજનોનું મેવાડની આન, બાન, શાન સમાન પ્રતીક એવી મેવાડી પાઘડી પહેરાવી પ્રફુલ્લભાઈ ડી. ઉપાધ્યાય અને તેમના સાથીઓ દ્વારા દરેકનું સન્માન

### અરવલ્લી એસઓજી પોલીસે

# શીકાની એક હોટલમાં જાહેરનામાના ભંગ બદલ એકની અટકાયત કરી



ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

સરકારશ્રીના બતાવ્યા મુજબના સીસીટીવી લગાવવામાં આવ્યા ન હતા અરવલ્લી એસ ઓ જી પોલીસે ધનસુરા તાલુકાના શીકા ગામની ચોકડી ઉપર હાઈવે માર્ગ પાસે આવેલી ખોડલ માતેશ્વરી હોટલમાં ચેક કરતા સરકારશ્રીના ગૃહ વિભાગના નક્કી કર્યા મુજબના સીસીટીવી કેમેરા ન લગાવી ગુનો કર્યો હતો

પોલીસે હોટલ માલિક રતનભાઈ કૈલાશભાઈ જાટ.શીકા મૂળ રહે. કુંભારોકી ગલીચાવડ. જિલ્લા ઉદેપુરના અટકાયત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે

### થરા કોલેજમાં આંગણવાડી કાર્યકર્તા બહેનોનો

# "પોષણ ભી પઢાઈ ભી"અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાયો



ટ્રેન્ડ ગુજરાત , તા.૦૩

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરા તથા સંકલિત બાળવિકાસ વિભાગ (ICDS) ઘટક કાંકરેજ–૩ ના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં IQAC વિભાગ અંતર્ગત CWDC વિભાગ હેઠળ આંગણવાડી બહેનો અને વિદ્યાર્થીનીઓને પ્રેરિત ×પોષણ ભી પઢાઈ ભી× વિષય ઉપર ત્રિદિવસીય તાલીમ માર્ગદર્શન સેમિનાર કોલેજના પ્રિન્સિપાલ ડૉ.દિનેશકુમાર એસ. ચારણના અધ્યક્ષ સ્થાને તા:-૨૨/૧૨/૨૦૨૫ થી તા:- ૨૪/૧૨/૨૦૨૫ દરમિયાન યોજાઇ ગયો.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરી હતી અને કોલેજના પ્રિન્સીપાલ સાહેબ દ્વારા ઉપસ્થિત તમામ મુખ્ય મહેમાનો, આંગણવાડી કાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓનું શબ્દો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત ભાષણમાં સાહેબશ્રીએ કાર્યક્રમના હેતુ અને મહત્વ અંગે જણાવતા કહ્યું કે શિક્ષણ સાથે પોષણનો સંતુલિત વિકાસ ખૂબ જ આવશ્યક છે. ‘પોષણ ભી પઢાઈ ભી’ જેવા કાર્યક્રમો દ્વારા બાળવિકાસ, આરોગ્ય અને શિક્ષણને એકસાથે જોડવાનો પ્રયાસ થાય છે, જે દેશના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે.×

કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે ICDS ના ઇન્ચાર્જ CDPO મધુબેન એમ. મેસરવાલ અને જશીબેન કે. પરમાર તેમજ ઢ્ઢ્સ ટ્રેનર વિષ્ણુભાઈ વાઘેલા હાજર રહ્યા હતા.તેમણે પોષણ, માતા-શિશુ આરોગ્ય તથા સમાજની જવાબદારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ત્રણ દિવસીય કાર્યક્રમ દરમિયાન પોષણનું મહત્વ, બાળકોના સર્વાંગી વિકાસમાં યોગ્ય આહારની ભૂમિકા, માતા અને સમાજની જવાબદારી તેમજ શિક્ષણ સાથે પોષણને કેવી રીતે જોડવું તેના વિષયે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ અને આંગણવાડી કાર્યકર્તાઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહેમાનો અને સહયોગી વિભાગોનો કોલેજ પરિવાર વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પૂજાબેન ગામીત તથા પ્રા. ડૉ. અમિષાબેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગર કલેક્ટરે સોલર ઉપર પગ મુકતા ED આવી!



સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગરના ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં હવે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી બાદ તત્કાલીન કલેક્ટર રાજેન્દ્ર પટેલનો વારો પડ્યો છે. સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર ડૉ. રાજેન્દ્ર કુમાર પટેલની ધરપકડ થઈ છે.

સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર ડૉ. રાજેન્દ્ર મહેન્દ્રભાઈ પટેલની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. લાંબી પૂછપરછ બાદ ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાનેથી તેમને કસ્ટડીમાં લેવાયા છે.


દિલ્હીમાં દાખલ થયેલ એક કેસની તપાસ કરતાં સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડ સામે આવ્યું હતું. સમગ્ર મામલે સુરેન્દ્રનગરના કલેક્ટર રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સામે કાર્યવાહી કરાઈ છે.

આજે સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર પટેલને ed કોર્ટમાં રજૂ કરવામાં આવશે. Ed દ્વારા કલેક્ટરની તપાસ માટે રિમાન્ડ માંગવામાં આવશે. અગાઉ ચંદ્રસિંહ મોરીના ed એ રિમાન્ડ માંગ્યા હતા. આજે ૪ વાગે સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર પટેલનેીહ્ઢ કોર્ટમાં રજૂ કરાશે.

EDએ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા ૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી રિમાન્ડ મંજૂર થયા હતા. સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કચેરીના કરોડોના કથિત જમીન એન.એ કૌભાંડ અને ભ્રષ્ટાચારના ચકચારભર્યા કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી) દ્વારા પકડાયેલા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના આઠ દિવસના રિમાન્ડ પૂરા થતાં તેને આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજુ = કે.એમ.સોજીત્રાએ આરોપી ચંદ્રસિંહ મોરીને સાબરમતી જેલમાં ધકેલવા હુકમ કર્યો હતો. આમ, સુરેન્દ્રનગરના દ્વછ કૌભાંડમાં ચંદ્રસિંહ મોરી જેલમાં ધકેલાયો છે. ત્યારે હવે એસીબી પણ મોરીની કસ્ટડી મેળવે તેવી શક્યતા છે.

# અધ્યક્ષ દિલીપ ઘોષે કહ્યું મંદિર-મસ્જિદથી વોટ નથી મળતાં





કોલકાતા,
પશ્ચિમ બંગાળમાં આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી (BJP)માં જૂના વિરુદ્ધ નવા નેતાઓ વચ્ચેનો આંતરિક સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની મુલાકાતના બીજા જ દિવસે, રાજ્યના પૂર્વ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે પોતાની જ પાર્ટીની રણનીતિઓ અને તાજેતરમાં પક્ષમાં જોડાયેલા નેતાઓ પર આકરા પ્રહાર કર્યા છે. દિલીપ ઘોષે ગુરુવારે એક મોટું નિવેદન આપતા કહ્યું કે માત્ર ધાર્મિક મુદ્દાઓના આધારે ચૂંટણી જીતવી શક્ય નથી.

તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીનું ઉદાહરણ આપતા કહ્યું, ×અયોધ્યામાં રામ મંદિર બનવા છતાં ભાજપ ફૈઝાબાદ બેઠક હારી ગયું. આનાથી સ્પષ્ટ થાય છે કે મંદિર-મસ્જિદના મુદ્દાઓ ચૂંટણી પરિણામોને પ્રભાવિત નથી કરતા.× તેમણે મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે પણ કટાક્ષ કરતા કહ્યું કે જો તે વિચારે છે કે મંદિરો બનાવીને ૨૦૨૬ની ચૂંટણી જીતી લેશે, તો તે તેમની ગેરસમજ છે.

દિલીપ ઘોષે નામ લીધા વિના એવા નેતાઓ પર નિશાન સાધ્યું જેઓ ૨૦૨૧ની ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC) છોડીને ભાજપમાં જોડાયા હતા. તેમણે કહ્યું, ×ભાજપમાં દરેક વ્યક્તિ એક કાર્યકર છે. જે લોકો તાજેતરમાં પાર્ટીમાં આવ્યા છે, તેમણે પોતાની ઓળખ અને ઉપયોગીતા સાબિત કરવી પડશે.× ઘોષના આ નિવેદનને શુભેન્દુ અધિકારી જેવા નેતાઓ વિરુદ્ધ સીધા હુમલા તરીકે જોવામાં આવી રહ્યું છે. દિલીપ ઘોષે પહેલીવાર ખુલીને સ્વીકાર્યું કે તેમને પાર્ટીની અંદર અલગ-થલગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, ×મારી વિરુદ્ધ પાયાવિહોણી અને એજન્ડા આધારિત થિયરીઓ ફેલાવવામાં આવી અને મને અલગ-થલગ કરી દેવામાં આવ્યો. મેં કેન્દ્રીય નેતૃત્વને મારી ચિંતાઓથી વાકેફ કરી દીધા છે. હું ખોવાઈ જવાથી ડરતો નથી, મને હાઈકમાન્ડ પર પૂરો વિશ્વાસ છે.× દિલીપ ઘોષે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પોતાની જૂની અને ઘરેલુ બેઠક (ખડગપુર સદર) પરથી ચૂંટણી લડવા માંગે છે. આ માટે તેમણે વર્તમાન પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદાર પાસેથી શનિવારથી ખડગપુરમાં ત્રણ દિવસના અભિયાનની મંજૂરી પણ માંગી છે. પાર્ટીની અંદરની આ આંતરિક ખેંચતાણ વચ્ચે, ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ હવે બંગાળમાં પોતાની સક્રિયતા વધારવા જઈ રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા ટૂંક સમયમાં કોલકાતાનો પ્રવાસ કરશે. જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર બંગાળમાં એક વિશાળ જનસભાને સંબોધિત કરી શકે છે. જાન્યુઆરીના અંત સુધીમાં અમિત શાહ ફરી એકવાર કોલકાતા આવશે, જ્યાં તેઓ સંગઠનાત્મક બેઠકો દ્વારા આ મતભેદોને ઉકેલવાનો પ્રયાસ કરશે.

# કતારમાં ફાંસીની સજાથી બચી ગયેલા ભારતીય નેવી ઓફિસરની ફરી ધરપકડ

કતાર,
ભારતીય નેવીના નિવૃત્ત અધિકારી પૂર્ણેન્દુ તિવારીના પરિવાર પર ફરી એકવાર મુસીબત આવી પડી છે. વર્ષ ૨૦૨૨માં કતારમાં જે ૮ પૂર્વ નેવીના અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી, તેમાં પૂર્ણેન્દુ તિવારી પણ સામેલ હતા. જોકે, અન્ય ૭ અધિકારીઓ સજા માફ થયા બાદ ભારત પરત ફર્યા હતા, પરંતુ પૂર્ણેન્દુ તિવારી કતારમાં જ રોકાઈ ગયા હતા. હવે સમાચાર છે કે તેમની ફરીથી ધરપકડ કરવામાં આવી છે.


ગ્વાલિયરના રહેવાસી પૂર્ણેન્દુ તિવારીના બહેન ડૉ. મીતુ ભાર્ગવે X પર એક પોસ્ટ કરીને પીએમ મોદીને આ મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, મેં અગાઉ પણ મારા ટ્વીટ્સમાં સ્પષ્ટ કર્યું છે કે મારા ભાઈ કમાન્ડર પૂર્ણેન્દુ તિવારીને કંપનીની નાણાકીય અનિયમિતતાઓ સાથે કોઈ લેવા-દેવા નથી. કંપનીના નાણાકીય વ્યવહારો અને કરારની જવાબદારીઓ માટે માત્ર અને માત્ર કંપનીના માલિક જ જવાબદાર હોય છે, તેથી કોઈપણ નાણાકીય ગેરરીતિ માટે માલિકને જ જવાબદાર ઠેરવવા જોઈએ. આટલી સ્પષ્ટતા છતાં, મારા ભાઈ કોઈ પણ વાંક વગર છેલ્લા એક મહિનાથી જેલમાં છે. કમાન્ડર પૂર્ણેન્દુ તિવારીના બહેન તરીકે હું ફરી એકવાર પીએમ મોદી અને વિદેશ મંત્રીને બે હાથ જોડીને નમ્ર વિનંતી કરું છું કે, મહેરબાની કરીને આ બાબતમાં દખલગીરી કરો. મારા ભાઈને પરત લાવવાઅમારી મદદ કરો.

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૨માં કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર સંજીવ ગુપ્તા, કેપ્ટન બિરેન્દ્ર કુમાર વર્મા, કમાન્ડર સુગુણાકર પાકલા, કમાન્ડર અમિત નાગપાલ અને નાવિક રાગેશની ધરપકડ કરવામાં આવી હતી . દરેક અધિકારીઓનો ભારતીય નેવીમાં ૨૦ વર્ષ સુધીનો વિશિષ્ટ સેવા રેકોર્ડ છે. તેમજ તેમને સૈનિકોના પ્રશિક્ષણ સહિતના મહત્ત્વપૂર્ણ પદ પર પણ કામ કર્યું છે.

# લોકો AIને મહિલાઓના વસ્ત્ર હટાવવાનું કહી રહ્યા છે

નવી દિલ્હી,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ઘણા કામો સરળ થયા છે. જોકે તેના નવા નવા ટ્રેન્ડના કારણે ચિંતા પણ ઊભી થાય છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) પર હાલમાં remove this ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેને લઈને રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ગંભીર સવાલ ઊભા કર્યા છે. તેમણે કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને કહી છે કે આ ટ્રેન્ડ મહિલાઓની પ્રાઈવસીનું હનન કરે છે. શિવસેના-UBTના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીની માંગ છે કે Grko આવા ફીચર્સ પર સેફ્ટી ગાર્ડ લગાવવા જોઈએ. મહિલાઓની ગરિમાનું ઉલ્લંઘન ન થાય તે માટે ટેક કંપનીઓ માટે કડક નિયમો બનાવવા કોઈએ. આ ફીચર્સની મદદથી કેટલાક લોકો સોશિયલ મીડિયા પર મહિલાઓની તસવીરથી કપડાં હટાવવાનું કહી રહ્યા છે. આ બધુ માત્ર ફેક અકાઉન્ટ સુધી સીમિત નથી. એવામાં સોશિયલ મીડિયામાં તસવીરો પોસ્ટ કરતી મહિલાઓ માટે મોટો ખતરો ઊભો થયો છે અને AIનો ઘોર દુરુપયોગ છે.

નોંધનીય છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કોઈ પણ પોસ્ટની નીચે કોમેન્ટમાં વ્યક્તિ ગ્રોકને ટેગ કરી આદેશ આપી શકે છે. હાલમાં આ ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેમાં યુઝર્સ ગ્રોકને ટેગ કરી જે કહે તે ગ્રોક કરી બતાવે છે.



# મહિલાએ મીઠાઈ આપવાના બહાને પ્રેમીને ઘરે બોલાવ્યો

મુંબઈ, તા.૨
મુંબઈના સાંતાક્રૂઝ વિસ્તારમાંથી એક હચમચાવી નાખે એવી ઘટના સામે આવી છે. અહીં ૨૫ વર્ષીય પરિણીત મહિલાએ કથિત રીતે પોતાના ૪૪ વર્ષીય પ્રેમીને મીઠાઈ આપવાના બહાને ઘરે બોલાવ્યો અને પછી તેના પ્રાઈવેટ પાર્ટ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી દીધો હતો. આ હુમલામાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ યુવકની સાયન હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી મહિલા અને પીડિતની વચ્ચે કથિત પ્રેમ સંબંધ હતો. મહિલા, પીડિતની બહેનની નણંદ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પીડિત છેલ્લા ૧૮ વર્ષથી સાંતાક્રૂઝ વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બંને વચ્ચે છેલ્લા ૬-૭ વર્ષથી કથિત પ્રેમ સંબંધ હતો. મહિલા પીડિતને તેની પત્નીને છોડી દેવા અને તેની સાથે લગ્ન કરવા માટે સતત દબાણ કરી રહી હતી. આ વાતને લઈને બંને વચ્ચે ઘણીવાર ઝઘડા પણ થયા હતા.

પોલીસનું કહેવું છે કે, આ મહિલાથી પરેશાન થઈને પીડિત નવેમ્બર ૨૦૨૫માં બિહાર ચાલ્યો ગયો હતો. જોકે, બિહાર ગયા પછી પણ આરોપી મહિલા ફોન કરીને તેને ધમકાવતી હતી. ૧૯ ડિસેમ્બરે મુંબઈ પરત ફર્યા બાદ પીડિતે મહિલા સાથે સંપર્ક તોડી નાખ્યો હતો. જે બાદ ૩૧ ડિસેમ્બરની રાતે મહિલાએ મીઠાઈ આપવાના બહાને તેને પોતાના ઘરે બોલાવ્યો હતો.

જે બાદ મહિલાએ પીડિતના પ્રાઈવેટ પાર્ટ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, ડોક્ટરોની ટીમે તાત્કાલિક સારવાર શરૂ કરી હતી અને યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

# ઉત્તર પ્રદેશમાં ડમ્પરે રિક્ષાને ૨ કિલોમીટર સુધી ઢસડી

હમીરપુર,
ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લાના સુમેરપુર વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં સ્થાનિક ફેક્ટ્રી પાસે ગુરુવારે (૧ જાન્યુઆરી, ૨૦૨૬) સાંજે ૭ વાગ્યે એક ડમ્પરે રિક્ષાને ટક્કર મારી હતી. જેમાં રિક્ષા ડમ્પરના પાછળના ટાયરમાં ફસાઈ ગઈ હતી, તેમ છતાં ડમ્પરચાલકે ૨ કિલોમીટર સુધી રિક્ષાને ઢસડી હતી.

આ ઘટનામાં રિક્ષાના ડ્રાઈવરનું કચડાઈ જવાથી મોત થયું છે, જ્યારે રિક્ષામાં સવાર પેસેન્જર અને રાહદારી ડમ્પરની ઝડપમાં આવી જતાં ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ બાદ આરોપી ડમ્પરચાલક ખુદ પોલીસ સ્ટેશન પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે, ત્યારે પોલીસે ઘટનાને લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

UPમાં ડમ્પરે રિક્ષાને ૨ કિલોમીટર સુધી ઢસડી હોવાની ઘટનામાં રિક્ષામાં સવાર રોહિત કુશવાહ નામનો વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે એક ફેક્ટરી માંથી કામ પૂરું કરીને ઘરે જઈ રહેલા ૫૦ વર્ષીય સીતારામને પણ ડમ્પરની ટક્કર વાગતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બાદ આરોપી ડમ્પર ચાલક ડમ્પર ઘટનાસ્થળે મૂકીને સીધો સુમેરપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

પોલીસે બંને ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે સુમેરપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કર્યા છે.

# CNGના ભાવમાં કર્યો ઘટાડો, PNG ગ્રેસ પણ થયો સસ્તો



નવી દિલ્હી,
પબ્લિક સેક્ટરની કંપની ગેલ ગેસ લિમિટેડ (Gail Gas Limited) એ ગુરુવારે ઘરેલું રસોઈ ગેસ (PNG) અને CNGના ભાવમાં અનુક્રમે રૂપિયા ૧ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર અને રૂપિયા ૧ પ્રતિ કિલોનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

નવા વર્ષ નિમિત્તે કંપનીએ પોતાના ગ્રાહકોને આ મોટી ભેટ આપી છે. નોંધનીય છે કે, ગેસના ભાવમાં આ ઘટાડો પાઈપલાઈન ટેરિફમાં તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારો બાદ લેવામાં આવ્યો છે.

આના એક દિવસ પહેલા જ દેશની સૌથી મોટી સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL)એ દિલ્હી અને દ્વઝઈમાં ઘરેલું PNGના ભાવમાં રૂપિયા ૦.૭૦ પ્રતિ ક્યુબિક મીટરનો ઘટાડો કર્યો હતો. આ પહેલા 'થિંક ગેસ' (Think Gas)એ પણ ઝદ્વમાં રૂપિયા ૨.૫૦ પ્રતિ કિલો અને દ્વમાં રૂપિયા ૫ પ્રતિ ક્યુબિક મીટર સુધીના ઘટાડાની જાહેરાત કરી હતી.

ગેલ ઈન્ડિયા લિમિટેડની પેટા કંપની ગેલ ગેસ લિમિટેડએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ગેસના નવા ભાવ ગુરુવારથી ઉત્તર પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, ઝારખંડ, છત્તીસગઢ, રાજસ્થાન અને ઓડિશામાં લાગુ થઈ ગયા છે.

કંપનીના એક અધિકારીએ કહ્યું કે, પેટ્રોલિયમ મંત્રાલય અને રેગ્યુલેટર PNGRB સતત એવા નીતિગત પગલાં ભરી રહ્યા છે, જે CNG અને ઘરેલું PNG બજારના વિકાસ માટે અનુકૂળ અને આર્થિક રીતે ટકાઉ વાતાવરણ તૈયાર કરી રહ્યા છે. PNGRBએ ૧૬ ડિસેમ્બરે નેચરલ ગેસ પાઈપલાઈન માટે નવા ટેરિફ સ્ટ્રક્ચરની જાહેરાત કરી હતી. ૧ જાન્યુઆરીથી આ સુધારેલું માળખું અમલમાં આવતા ગેસનું પરિવહન સસ્તું અને સરળ બનશે.

# કંગાળ પાકિસ્તાને ક્રૂડ ઓઈલ-ગેસનો ભંડાર મળ્યાનો દાવો

ઈસ્લામાબાદ,
આર્થિક રીતે પાયમાલ થઈ રહેલા પાકિસ્તાન માટે કુદરતી સંસાધનોની આ શોધ સંજીવની સમાન સાબિત થઈ શકે છે. પાકિસ્તાની એજન્સીઓના જણાવ્યા અનુસાર, ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લાના નશપા બ્લોકમાં તેલ અને ગેસનો વિપુલ ભંડાર મળી આવ્યો છે. પાકિસ્તાનની ઓઈલ એન્ડ ગેસ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ(OGDCL) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ નવી શોધાયેલી સાઈટ પરથી ઉત્પાદનની ક્ષમતા આશાસ્પદ છે. કંપનીના અંદાજ મુજબ, આ નવા ભંડારમાંથી દરરોજ અંદાજે ૪૧૦૦ બેરલ ક્રૂડ ઓઈલ મેળવી શકાશે, જે દેશની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે. ક્રૂડ ઓઈલની સાથે જ ગેસના ઉત્પાદનમાં પણ મોટો વધારો થવાની ધારણા છે, જેમાં દરરોજ ૧૦.૫ મિલિયન ક્યુબિક ફીટ ગેસનું ઉત્પાદન થઈ શકશે. આ જથ્થો પાકિસ્તાન માટે તેની આયાત નિર્ભરતા ઘટાડવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પેટ્રોલિયમ સેક્ટરની હાઈ લેવલ મીટિંગમાં પીએમ શાહબાઝ શરીફે કહ્યું કે, સ્થાનિક સ્તરે આ શોધથી આપણું વિદેશી મુદ્રા ભંડાર મજબૂત થશે. ક્રૂડ ઓઈલ અને ગેસની આ મહત્ત્વપૂર્ણ શોધ છતાં ખૈબર પખ્તૂનખ્વા અને બલૂચિસ્તાનના સ્થાનિક લોકોમાં પાકિસ્તાન સરકાર પ્રત્યે ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો મુખ્ય આરોપ છે કે કેન્દ્ર સરકાર તેમના પ્રાંતના કુદરતી સંસાધનોનો ઉપયોગ તો કરે છે, પરંતુ તેનાથી થતો નફો કે આવક સ્થાનિક વિકાસ પાછળ ખર્ચવાને બદલે અન્યત્ર વાપરવામાં આવે છે, જેને તેઓ સંસાધનોની લૂંટ ગણાવે છે.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."